ફો.કે.નં. – 16753/2019

<u>આંક–૧ નીચે હુકમ</u>

**ફરીયાદી** – શ્રી સરકાર

**વિરુદ્ધ**

**આરોપી** – અખતર જાવેદ અરસદ જાવેદ

**૧.** આ કામે આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ મુજબના ગુનામાં બિયર નંગ– ૧ અંગેનું ચાર્જશીટ દાખલ કરેલ છે .

**૨.** સદરહુ ચાર્જશીટ દાખલ થતા , આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા મળી આવતા નથી એવા શેરા સાથે પરત ફરેલ હોય, તે સંજોગોમાં, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેવી શક્યતા જણાતી નથી. વળી, સદરહું કેસ આરોપી મળી ના આવવાના કારણસર છેલ્લા ૪ વર્ષથી પેન્ડીંગ રહેલ છે. આથી, અદાલતના મહત્વના જાહેર સમયને લક્ષમાં રાખીને , સદર કેસ પેન્ડીંગ રાખવુ ઉચીત જણાતુ ના હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**૩.** આ કામે સરકારશ્રી તરફે વિદ્વાન એપીપીશ્રીની રજુઆત સાંભળેલ છે.

**૪.** આ તબક્કે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ ( નવા કાયદાની કલમ –૨૮૧ ) ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે–

<u>કલમ–૨૫૮( નવા કાયદાની કલમ –૨૮૧ ) કેટલાક કેસમાં કાર્યવાહી બંધ રાખવાની સત્તા–</u>

ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની પુર્વમંજુરીથી અન્ય કોઈ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈપણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુક્ત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મુક્ત કરવામાં આવે તેવી અસર થશે.

**૫.** આમ, ઉપરોક્ત કલમ વંચાણે લેતાં, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને કોઈપણ તબક્કે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુક્ત કરવામાં આવેલ હોય, તેવી થશે.

**૬.** આમ, આ કામે રેકર્ડ પરની હકીકત ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુકમ ::</u>

૧. ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ની કલમ–૨૫૮ ( નવા કાયદાની કલમ –૨૮૧ ) મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલની ખરાઈ કરી જે તે હકદારને પરત સોપવાનો તેમજ ટીન બિયર નંગ–૧ નો નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૪ મી, માહે–ડિસેમ્બર, સને– ૨૦૨૪ ના રોજ સ્પે. સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા ૧૪/૧૨/૨૦૨૪<br>
સ્થળ : અમદાવાદ

( જે.એ.બક્ષી)<br>
બીજા એડી. ચીફ. જ્યુડી. મેજી.<br>
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા<br>
યુ.આઈ.સી. નં.જીજે. ૦૦૯૦૩